GOVERNMENT OF INDIA

MINISTRY OF LAW. JUSTICE AND COMPANY AFFAIRS

# THE SCHEDULED CASTES AND THE SCHEDULED TRIBES (PREVENTION OF ATROCITIES) ACT,1989

(33 OF 1989)

(As modified upto the 31st May, 1994)

0

ભારત સરકાર

વિધિ, ન્યાય અને કંપની કાર્ય મંત્રાલય

# અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ,૧૯૮૯

(સન ૧૯૮૯નો અધિનિયમ ક્રમાંક ૩૩)

(તારીખ ૩૧મી મે,૧૯૯૪ સુધી સુધાર્યા પ્રમાણે)

PRINTED AND PUBLISHED BY THE DIRECTOR OF PRINTING AND STATIONERY, GOVERNMENT OF GUJARAT ON BEHALF OF THE GOVERNMENT OF INDIA.

[ કિંમત : ]

# અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯.

## અનુક્રમણિકા

### પ્રકરણ ૧

### પ્રારંભિક

કલમ

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.
૨. વ્યાખ્યા.

પ્રકરણ ૨

અત્યાચારોના ગુનાઓ

૩. અત્યાચારોના ગુનાઓ માટેની શિક્ષા.
૪. ફરજમાં ગફલત કરવા બદલ શિક્ષા.
૫. ફરી વખત દોષિત ઠરવા બદલ વધુ શિક્ષા બાબત.
૬. ભારતના ફોજદારી અધિનિયમની અમુક જોગવાઈઓ લાગુ પાડવા બાબત.
૭. અમુક વ્યક્તિઓની મિલકત સરકાર દાખલ કરવા બાબત.
૮. ગુનાઓ સંબંધી અનુમાન.
૯. સત્તા સોંપવા બાબત.

પ્રકરણ ૩
હદપાર કરવા બાબત

૧૦. ગુનો કરવાનો સંભવ હોય તે વ્યક્તિને દૂર કરવા બાબત.
૧૧. કોઈ વ્યક્તિ, તેવા વિસ્તારમાંથી દૂર ન થાય અને દૂર કર્યા પછી ફરી દાખલ થાય ત્યારે કાર્યરીતિ.
૧૨. જેની વિરૂધ્ધ કલમ ૧૦ હેઠળ હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિઓના માપ અને ફોટોગ્રાફ વગેરે લેવા બાબત.
૧૩. કલમ ૧૦ હેઠળના હુકમના અપાલન માટે શિક્ષા.

પ્રકરણ ૪
વિશેષ ન્યાયાલયો

૧૪. વિશેષ ન્યાયાલય.
૧૫. વિશેષ પબ્લિક પ્રોસિક્યુટર.

પ્રકરણ ૫
પ્રકીર્ણ

૧૬. સામુહિક દંડ નાંખવાની રાજ્ય સરકારની સત્તા.
૧૭. કાયદો અને વ્યવસ્થાતંત્રે નિવારક પગલાં લેવા બાબત.
૧૮. અધિનિયમ હેઠળ ગુનો કરતી વ્યક્તિઓને કોડની કલમ ૪૩૮ લાગુ પડશે નહિ.
૧૯. કોડની કલમ ૩૬૦ અથવા ગુનેગાર પ્રોબેશન અધિનિયમની જોગવાઈઓ આ અધિનિયમ હેઠળના ગુના બદલ દોષિત વ્યક્તિઓને લાગુ પડશે નહિ.
૨૦. અધિનિયમ અન્ય કાયદાઓની ઉપરવટ રહેશે.
૨૧. અધિનિયમનો અસરકારક અમલ સુનિશ્ચિત કરવાની સરકારની ફરજ.
૨૨. શુધ્ધબુધ્ધિથી લીધેલાં પગલાં અંગે રક્ષણ.
૨૩. નિયમો કરવાની સત્તા.

---

# અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯

## (સન ૧૯૮૯નો અધિનિયમ ક્રમાંક ૩૩)
## (૧૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯)

## (સન ૧૯૯૩ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અમલમાં હોય તે પ્રમાણે)

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સભ્યો વિરુધ્ધના અત્યાચારના ગુના થતા અટકાવવા માટે, આવા ગુનાની ઈન્સાફી કાર્યવાહી માટે વિશેષ ન્યાયાલયો માટેની અને આવા ગુનાની ભોગ બનેલી વ્યક્તિઓના રાહત અને પુનરુત્થાન માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા માટેનો અધિનિયમ.

સંસદ ભારતના ગણરાજ્યના ચાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરે છે :-

### પ્રકરણ ૧

### પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯' કહેવાશે.

(૨) તે, જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય, સમગ્ર ભારતને લાગુ પડે છે.

(૩) તે, કેન્દ્ર સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨. (૧) આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "અત્યાચાર" એટલે કલમ ૩ હેઠળ શિક્ષાપાત્ર ગુનો;

સન ૧૯૭૪નો ૨જો.

(ખ) "કોડ" એટલે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩;

(ગ) "અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ" નો અર્થ, સંવિધાનની કલમ ૩૬૬ના ખંડ (૨૪) અને ખંડ (૨૫) હેઠળ અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે;

(ઘ) "વિશેષ-ન્યાયાલય" એટલે, કલમ ૧૪માં વિશેષ ન્યાયાલય તરીકે નિર્દિષ્ટ કરેલ સેશન ન્યાયાલય;

(ચ) "વિશેષ પબ્લિક પ્રોસીક્યુટર" એટલે કલમ ૧૫માં ઉલ્લેખ કરેલ વિશેષ પબ્લિક પ્રોસીક્યુટર અથવા એડવોકેટ તરીકે નિર્દિષ્ટ કરેલ પબ્લિક પ્રોસીક્યુટર;

સન ૧૮૬૦નો ૪૫મો.

(છ) આ અધિનિયમમાં વાપરેલા પણ જેની વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેવા અને કોડમાં અથવા ભારતના ફોજદારી અધિનિયમમાં વ્યાખ્યા કરવામાં આવી હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનાં અર્થ, યથાપ્રસંગ અનુક્રમે કોડના અથવા ભારતના ફોજદારી અધિનિયમમાં તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

(૨) કોઈ કાયદા અથવા તેની કોઈ જોગવાઈ સંબંધી આ અધિનિયમમાંનો કોઈ સંદર્ભ, જે વિસ્તારમાં આવો કાયદો અથવા આવી જોગવાઈ અમલમાં ન હોય તે વિસ્તારના સંબંધમાં, તે વિસ્તારમાં કોઈ તત્સમાન કાયદો, અમલમાં હોય તો, તેના સંદર્ભ તરીકે છે એમ સમજવું.

## પ્રકરણ ૨

### અત્યાચારોના ગુનાઓ

૩. (૧) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય તેવી કોઇ વ્યક્તિ,- | અત્યાચારોના ગુનાઓ માટેની શિક્ષા

(૧) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને કોઇ અખાદ્ય અથવા ધૃણાસ્પદ પદાર્થ પીવા અથવા ખાવા માટે જબરદસ્તી કરે;

(૨) પ્રાણીનાં મળ-મૂત્ર, બગડી ગયેલા પદાર્થ, પશુના મડદાં અથવા અન્ય કોઇ ધૃણાસ્પદ પદાર્થ તેની જગામાં કે પડોશમાં ગમે ત્યાં નાખી દઇને, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્યને હાનિ, અપમાન કે ત્રાસ કરવાના આશયથી કૃત્ય કરે;

(૩) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની કોઇ વ્યક્તિના શરીર પરનાં કપડાં બળપૂર્વક ઉતારે અથવા નગ્ન કરીને અથવા તેનો ચહેરો કે શરીર રંગીને પરેડ કરાવે અથવા તેના જેવું માનવ ગૌરવનું અપમાન થાય તેવું કોઇ કૃત્ય કરે;

(૪) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યની માલિકીની અથવા તેને ફાળવેલી અથવા એવા સભ્ય કોઇ યોગ્ય સત્તાધિકારીએ ફાળવવા માટે જાહેર કરેલી કોઇ જમીનનો ગેરકાયદે ભોગવટો કરે અથવા તેમાં ખેતી કરે અથવા તેને ફાળવેલી જમીન નામફેર કરાવી લે;

(૫) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્યને તેની જમીન કે જગાના કબજામાંથી ગેરકાયદે હટાવે અથવા કોઇ જમીન, જગા અથવા પાણી બાબતે તેના હકોના ભોગવટામાં દખલગીરી કરે;

(૬) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને, સરકારે નિશ્ચિત કરેલ જાહેર હેતુઓ માટેની કોઇ ફરજિયાત સેવા સિવાય, વેઠ અથવા તેવા પ્રકારની બીજી બળજબરી પૂર્વકની કે બંધનયુક્ત મજૂરી કરવાની ફરજ પાડે અથવા લલચાવે;

(૭) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને કોઇ અમુક ઉમેદવારને મત ન આપવા કે આપવા અથવા કાયદાથી જોગવાઇ કરેલી હોય તે સિવાયની બીજી રીતે મત આપવા દબાણ કરે અથવા ધાક-ધમકી આપે;

(૮) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્ય સામે ખોટો, દ્વેષપૂર્ણ અથવા ત્રાસદાયક દાવો અથવા ફોજદારી કે અન્ય કાનૂની કાર્યવાહી શરૂ કરે;

(૯) કોઇ રાજ્ય સેવકને ખોટી અથવા તુચ્છ માહિતી આપે અને તે દ્વારા એવા રાજ્યસેવકને તેની કાયદેસરની સત્તાનો ઉપયોગ, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને હાનિ અથવા ત્રાસ આપવા માટે કરાવે;

(૧૦) લોકોની દ્રષ્ટિમાં આવી જતા કોઇ સ્થળે અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને હલકા પાડવાના આશયથી ઇરાદાપૂર્વક અપમાનિત કરે અથવા ધાકધમકી આપે;

(૧૧) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની કોઇ સ્ત્રીને અપમાનિત કરવા કે તેની આબરૂ લેવાના ઇરાદાથી તેણીના પર હુમલો કરે કે બળપ્રયોગ કરે;

(૧૨) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સ્ત્રીની ઇચ્છા ઉપર આધિપત્ય ધરાવવાની સ્થિતિમાં હોવાને કારણે, તેવી સ્થિતિનો અન્યથા તેણી સંમત થઇ ન હોત તેવી રીતે, જાતીય શોષણ માટે ઉપયોગ કરે;

(૧૩) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યો સામાન્ય રીતે ઉપયોગ કરતા હોય તેવા ઝરાના, જળાશયના અથવા અન્ય કોઇ જલસ્થાનના પાણીને દૂષિત કરે અથવા મેલું કરે જેથી કરીને સામાન્ય રીતે તેઓ ઉપયોગ કરતાં હોય તે હેતુ માટે પાણી ઓછું લાયક બને;

(૧૪) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યનો, જાહેર આશ્રય સ્થાનમાં આવવા જવાના કોઇ રૂઢિગત હકનો ઇન્કાર કરે અથવા જે જાહેર આશ્રયસ્થાનમાં જનતાના કે તેના કોઇ ભાગના અન્ય સભ્યોને તેનો ઉપયોગ કરવાનો કે આવવા જવાનો હક હોય તે જાહેર આશ્રયસ્થાનનો ઉપયોગ કરવામાં કે આવવા જવામાં તેને અટકાવી શકાય તે માટે તેવા સભ્યને અડચણ કરે;

(૧૫) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્યને તેનું ઘર, ગામ અથવા તેવી બીજા નિવાસસ્થાનની જગા છોડવા દબાણ કરે અથવા છોડાવડાવે,-

તે વ્યક્તિ, છ મહિના કરતાં ઓછી નહિ પણ પાંચ વર્ષ સુધીની મુદતની કેદની અને દંડની સજાને પાત્ર થશે.

(૨) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય તેવી કોઇ વ્યક્તિ,-

(૧) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્યને, તત્સમય પૂરતા અમલમાં હોય તેવા કાયદાથી મૃત્યુ દંડના હોય તેવા ગુના બદલ દોષિત ઠરાવવાના આશયથી અથવા તેમ કરવાથી તે દોષિત ઠરવાનો સંભવ છે એમ જાણીને, ખોટો પુરાવો આપે અથવા ઉભો કરે તેને આજીવન કેદની અને દંડની સજા થશે; અને જો અનુસૂચિત્ત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ નિર્દોષ સભ્યને, એવા ખોટા અને ઉભા કરેલા પુરાવાને પરિણામે દોષિત ઠેરવવામાં આવે અને ફાંસી આપવામાં આવે તો, જે વ્યક્તિ એવો ખોટો પુરાવો આપે કે ઉભો કરે તેને મોતની સજા કરવામાં આવશે;

(૨) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્યને મૃત્યુદંડની સજાને પાત્ર ન હોય પરંતુ સાત વર્ષ કે તેથી વધુ મુદત સુધીની કેદની સજાને પાત્ર હોય તેવા ગુના બદલ દોષિત ઠરાવવાના આશયથી અથવા તેમ કરવાથી તે દોષિત ઠરવાનો સંભવ છે એમ જાણીને ખોટો પુરાવો આપે અથવા ઉભો કરે તેને છ મહિના કરતાં ઓછી નહિ તેટલી પરંતુ સાત વર્ષ કે તેથી વધુ મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે;

(૩) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્યની કોઇ મિલકતને નુકશાન કરવાના ઇરાદાથી અથવા તેમ કરવાથી મિલકતને નુકસાન થશે એમ જાણીને આગથી અથવા કોઇ સ્ફોટક પદાર્થથી બગાડ કરે તેને છ મહિના કરતાં ઓછી નહિ તેટલી પરંતુ સાત વર્ષ સુધીની કેદની અને દંડની શિક્ષા થશે;

(૪) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્ય, સામાન્યતઃ જે મકાનનો પ્રાર્થના-પૂજાના સ્થળ તરીકે અથવા માનવ-રહેઠાણ માટેના સ્થળ તરીકે અથવા મિલકતની જાળવણી માટેના સ્થળ તરીકે ઉપયોગ કરતા હોય તેવા કોઇ મકાનનો નાશ કરવાના ઇરાદાથી અથવા તેમ કરવાથી તે મકાનનો નાશ થશે એમ જાણીને આગ અથવા કોઇ સ્ફોટક પદાર્થથી ઉપદ્રવ કરે તેને આજીવન કેદની અને દંડની શિક્ષા થશે;

સન ૧૮૬૦નો ૪૫મો.

(૫) કોઇ વ્યક્તિ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય છે અથવા કોઇ મિલકત તેવી કોઇ સભ્યની માલિકીની છે એ કારણસર તેવી વ્યક્તિ કે મિલકત વિરૂધ્ધ, દશ વર્ષની મુદતની અથવા વધુ મુદતની કેદની સજાને પાત્ર ભારતના ફોજદારી અધિનિયમ હેઠળનો કોઇ ગુનો કરે તેને, આજીવન કેદની અને દંડની શિક્ષા થશે;

(૬) આ પ્રકરણ હેઠળ ગુનો કરવામાં આવ્યો છે એમ જાણતા હોવા છતાં અથવા એમ માનવાને કારણ હોવા છતાં, કાનૂની શિક્ષામાંથી ગુનેગારને બચાવવાના ઇરાદાથી તે ગુનો કર્યાનો પુરાવો નષ્ટ કરે અથવા તેવા ઇરાદાથી, પોતે ખોટી હોવાનું જાણતો હોય અથવા માનતો હોય તેવી ગુના સંબંધી કોઇ માહિતી આપે તેને, તે ગુના માટે ઠરાવેલી શિક્ષા થશે; અથવા

(૭) રાજ્યસેવક હોવા છતાં, આ કલમ હેઠળ કોઇ ગુનો કરે તેને, એક વર્ષ કરતાં ઓછી નહિ તેટલી પરંતુ તે ગુના માટે ઠરાવેલી શિક્ષા સુધીની મુદત માટે કેદની શિક્ષા થશે.

**ફરજમાં ગફલત કરવા બદલ શિક્ષા.**

૪. જે કોઇ વ્યક્તિ, રાજ્યસેવક હોય પરંતુ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય, તે, આ અધિનિયમ હેઠળ પોતે બજાવવાની જરૂરી હોય તેવી પોતાની ફરજોમાં જાણીબુજીને ગફલત કરે તેને, છ મહિના કરતાં ઓછી ન હોય તેટલી પરંતુ એક વર્ષ સુધીની મુદતની કેદની શિક્ષા થશે.

૫. જે કોઇ વ્યક્તિ, આ પ્રકરણ હેઠળના ગુના માટે અગાઉ દોષિત ઠરી હોય તે દ્વિતીય ગુના અથવા દ્વિતીય ગુના પછીના કોઇ ગુના માટે દોષિત ઠરે, તેને એક વર્ષ કરતાં ઓછી નહિ તેટલી, પરંતુ તે ગુના માટે ઠરાવેલી શિક્ષા સુધીની મુદત માટે કેદની શિક્ષા થશે. ફરી વખત દોષિત ઠરવા બદલ વધુ શિક્ષા બાબત.

સન ૧૮૬૦નો ૪૫મો. ૬. આ અધિનિયમની અન્ય જોગવાઇઓને અધીન રહીને, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૩૪, પ્રકરણ-૩, પ્રકરણ-૪, પ્રકરણ-૫, પ્રકરણ-૫ક, કલમ ૧૪૯ અને પ્રકરણ-૨૩ની જોગવાઇઓ, શક્ય હોય તેટલે સુધી, ભારતના ફોજદારી અધિનિયમના હેતુઓ માટે તે લાગુ પડે છે તે રીતે, આ અધિનિયમના હેતુઓ માટે, લાગુ પડશે. ભારતના ફોજદારી અધિનિયમની અમુક જોગવાઇઓ લાગુ પાડવા બાબત.

૭. (૧) કોઇ વ્યક્તિ, આ પ્રકરણ હેઠળ શિક્ષાને પાત્ર કોઇ ગુના માટે દોષિત ઠરે ત્યારે, વિશેષ ન્યાયાલય, કોઇ શિક્ષાનો નિર્ણય કરવા ઉપરાંત, લેખિતમાં હુકમ કરીને એમ જાહેર કરી શકશે કે તે ગુનો કરવામાં ઉપયોગમાં લેવાઇ હોય તેવી તે વ્યક્તિની જંગમ અથવા સ્થાવર અથવા બંને મિલકત સરકાર દાખલ થયેલી ગણાશે. અમુક વ્યક્તિઓની મિલકત સરકાર દાખલ કરવા બાબત.

(૨) કોઇ વ્યક્તિ, આ પ્રકરણ હેઠળના ગુના પૈકી કોઇ ગુના માટે આરોપી હોય ત્યારે, તેનો ઈન્સાફ કરનાર વિશેષ ન્યાયાલય એવો હુકમ ફરમાવી શકશે કે તે વ્યક્તિની માલિકીની તમામ અથવા તે પૈકીની અમુક જંગમ કે સ્થાવર અથવા બન્ને મિલકત આવી ઈન્સાફી કાર્યવાહીની મુદત દરમિયાન, ટાંચમાં લેવી અને એવી ઈન્સાફી કાર્યવાહી દોષિત પૂરવાર કરવામાં પરિણમે ત્યારે, તેવી રીતે ટાંચમાં લીધેલી મિલકત, આ પ્રકરણ હેઠળ કરેલા કોઇ દંડની વસૂલાતના હેતુસારૂ જરૂરી હોય તેટલે સુધી સરકાર દાખલ થવાને પાત્ર થશે.

૮. આ પ્રકરણ હેઠળના ગુના માટેની ફોજદારી કાર્યવાહીમાં, એમ પુરવાર થાય કે --- ગુનાઓ સંબંધી અનુમાન.

(ક) આરોપીને, આ પ્રકરણ હેઠળના ગુના માટે જેના પર તહોમત હોય અથવા ગુનો કર્યાની વાજબી આશંકા હોય તેવી વ્યક્તિને કોઇ નાણાંકીય મદદ કરી હતી તો વિશેષ ન્યાયાલયે, વિરૂધ્ધનું પુરવાર થાય તે સિવાય, એવું અનુમાન કરવું જોઇશે કે એવી વ્યક્તિએ ગુનો કરવામાં મદદ કરી હતી.

(ખ) આ પ્રકરણ હેઠળ વ્યક્તિઓના જૂથે ગુનો કર્યો હતો અને એમ પુરવાર થાય કે કરવામાં આવેલો ગુનો, જમીન અથવા અન્ય કોઇ બાબત સંબંધીની કોઇ ચાલુ તકરારનો પારિણામિક હતો તો એમ માની લેવામાં આવશે કે સમાન ઈરાદો પાર પાડવા અથવા સમાન ધ્યેયને અમલમાં મૂકવા માટે ગુનો કરવામાં આવ્યો હતો.

૯. (૧) કોડમાં અથવા આ અધિનિયમની અન્ય કોઇ જોગવાઇમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, તેમ કરવાનું જરૂરી અથવા ઈષ્ટ ગણે તો,- સત્તા સોંપવા બાબત.

(ક) આ અધિનિયમ હેઠળનો કોઇ ગુનો નિવારવા અને પહોંચી વળવા માટે, અથવા

(ખ) આ અધિનિયમ હેઠળના કોઇ કેસ અથવા કેસોના વર્ગ કે જૂથ માટે,

કોઇ જિલ્લામાં કે તેના ભાગમાં રાજપત્રમાં જાહેરનામું બહાર પાડીને, રાજ્ય સરકારના કોઇ અધિકારીને, એવા જિલ્લામાં કે તેના કોઇ ભાગમાં કોડ હેઠળ અથવા યથા પ્રસંગ એવા કેસ અથવા કેસોના વર્ગ કે જૂથ માટેની પોલીસ અધિકારી વાપરી શકે તેવી સત્તા અને ખાસ કરીને, ગિરફતારની, તપાસની અને વિશેષ ન્યાયાલય સમક્ષ વ્યક્તિઓ સામે કામ ચલાવવા માટેની સત્તા સોંપી શકશે.

(૨) પોલીસના તમામ અધિકારીઓએ અને સરકારના અન્ય તમામ અધિકારીઓએ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ કોઇ નિયમ, યોજના કે હુકમની જોગવાઇઓનો અમલ કરવામાં, પેટા કલમ (૧) માં ઉલ્લેખેલ અધિકારીને મદદ કરવી જોઇશે.

(૩) કોડની જોગવાઇઓ, શક્ય હોય ત્યાં સુધી, પેટા-કલમ (૧) હેઠળ અધિકારીએ વાપરવાની સત્તા બાબતમાં લાગુ પડશે.

## પ્રકરણ ૩

### હદપાર કરવા બાબત

ગુનો કરવાનો સંભવ હોય તે વ્યક્તિને દૂર કરવા બાબત.

૧૦. (૧) ફરિયાદ અથવા પોલીસ રિપોર્ટ ઉપરથી, વિશેષ ન્યાયાલયને એમ ખાતરી થાય કે સંવિધાનની કલમ-૨૪૪ માં ઉલ્લેખિત "અનુસૂચિત વિસ્તારો" અથવા "આદિજાતિ વિસ્તારો" માં સમાવિષ્ટ કોઇ વિસ્તારમાં કોઇ વ્યક્તિ, આ અધિનિયમના પ્રકરણ-૨ હેઠળ, કોઇ ગુનો કરે એવો સંભવ છે ત્યારે, તે ન્યાયાલય લેખિત હુકમ કરીને, સદરહુ વ્યક્તિને, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે વિસ્તારની હદ બહાર, તેવા માર્ગે અને તેવા સમયની અંદર જતા રહેવા માટે અને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બે વર્ષથી વધુ નહિ તેટલી મુદત સુધી, જે વિસ્તારમાંથી તેને દૂર જતા રહેવાનું ફરમાવ્યું હતું તે વિસ્તારમાં પાછા નહિ ફરવા માટે ફરમાવી શકશે.

(૨) વિશેષ ન્યાયાલય, પેટા-કલમ (૧) હેઠળના હુકમ સાથે, તે, પેટા-કલમ હેઠળ ફરમાવેલ વ્યક્તિને જે કારણોસર સદરહુ હુકમ કરવામાં આવેલ હોય તેનાં કારણો જણાવશે.

(૩) વિશેષ ન્યાયાલય, એવા હુકમની તારીખથી ત્રીસ દિવસની અંદર, જેની સામે એવો હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિએ અથવા તેના વતી અન્ય કોઇ વ્યક્તિએ રજૂઆત કર્યેથી કારણોની લેખિત નોંધ કરીને, પેટા-કલમ (૧) હેઠળ કરેલ હુકમ રદ કરી અથવા સુધારી શકશે.

કોઈ વ્યક્તિ, તેવા વિસ્તારમાંથી દૂર ન થાય અને દૂર કર્યા પછી ફરી દાખલ થાય ત્યારે કાર્યરીતિ.

૧૧. (૧) જે વ્યક્તિને, કોઇ વિસ્તારમાંથી દૂર થઇ જવા કલમ ૧૦ હેઠળ ફરમાન બહાર પાડયું હોય તે, પેટા-કલમ (૨) હેઠળ વિશેષ ન્યાયાલયની લેખિત પરવાનગી લીધી હોય તે સિવાય,-

(ક) ફરમાવ્યા પ્રમાણે પોતે દૂર ન થાય, અથવા

(ખ) પોતે તેવી રીતે દૂર થઇ હોય પણ હુકમમાં જણાવેલ મુદતની અંદર તેવા વિસ્તારમાં દાખલ થાય, ત્યારે, વિશેષ ન્યાયાલય, તે વ્યક્તિની ધરપકડ કરાવશે અને પોલીસ કસ્ટડીમાં પોતે નિર્દિષ્ટ કરે તેવા વિસ્તારની બહારના સ્થળે ખસેડશે.

(૨) વિશેષ ન્યાયાલય, લેખિત હુકમ કરીને, જેના સંબંધમાં કલમ ૧૦ હેઠળ હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિને જે વિસ્તારમાંથી તેને દૂર જવાનો આદેશ કરવામાં આવ્યો હોય તે વિસ્તારમાં સદરહુ હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી કામચલાઉ મુદત માટે અને તેવી શરતોને અધીન રહીને, પાછા ફરવાની પરવાનગી આપી શકશે અને મૂકેલી શરતોનાં ઉચિત પાલન માટે જામીન સહિત કે જામીન વિનાનું બોન્ડ કરી આપવા તેને ફરમાવી શકશે.'

(૩) વિશેષ ન્યાયાલય કોઇપણ સમયે આવી પરવાનગી રદ કરી શકશે.

(૪) જે કોઇ વ્યક્તિ, જે વિસ્તારમાંથી તેને દૂર કરવા ફરમાવાયું હતું તે વિસ્તારમાં એવી પરવાનગીથી પાછી ફરે તે વ્યક્તિએ, તેના ઉપર મૂકવામાં આવેલી શરતોનું પાલન કરવું પડશે અને જે કામચલાઉ મુદત માટે તેને પાછા ફરવાની પરવાનગી આપવામાં આવી હતી તે કામચલાઉ મુદત પૂરી થયેથી અથવા આવી કામચલાઉ મુદત પૂરી થયા પહેલાં એવી પરવાનગી રદ થયેથી એવા વિસ્તારમાંથી પોતે દૂર થવું જોઇશે અને નવી પરવાનગી વિના, કલમ ૧૦ હેઠળ નિર્દિષ્ટ કરેલ, પૂરી નહિ થયેલી બાકીની મુદતની અંદર તે વિસ્તારમાં દાખલ થવું જોઇશે નહિ.

(૫) જો કોઇ વ્યક્તિ, મૂકવામાં આવેલી કોઇ શરતોનું પાલન કરવામાં અથવા તદ્નુસાર પોતે દૂર થવામાં ચૂક કરે અથવા તેવી રીતે પોતે દૂર થઇ હોવા છતાં નવી પરવાનગી વિના એવા વિસ્તારમાં દાખલ થાય અથવા પાછી ફરે તો વિશેષ ન્યાયાલય, તેની ધરપકડ કરાવશે અને પોલીસ કસ્ટડીમાં પોતે નિર્દિષ્ટ કરે તેવા વિસ્તારની બહાર આવેલા સ્થળે તેને ખસેડાવશે.

૧૨. (૧) કલમ ૧૦ હેઠળ જેની વિરૂધ્ધ હુકમ કરવામાં આવ્યો હોય તે દરેક વ્યક્તિએ, પોલીસ અધિકારી મારફતે તેના માપ અને ફોટોગ્રાફ લેવાનું વિશેષ ન્યાયાલય ફરમાવે તો તેણે તેમ કરવા દેવું જોઇશે. જેની વિરૂધ્ધ કલમ-૧૦ હેઠળ હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિઓના માપ અને ફોટોગ્રાફ વગેરે લેવા બાબત.

(૨) પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલી વ્યક્તિને, પોતાનાં માપ કે ફોટોગ્રાફ લેવડાવવાની ફરજ પાડવામાં આવી હોય ત્યારે એવાં માપ કે ફોટોગ્રાફ લેવા દેવામાં પ્રતિકાર કરે અથવા ઈન્કાર કરે ત્યારે, તે લેવા માટે જરૂરી તમામ ઉપાયો યોજવામાં આવે તે કાયદેસર ગણાશે.

સન ૧૮૬૦નો ૪૫મો. (૩) પેટા-કલમ (૨) હેઠળ માપ કે ફોટોગ્રાફ લેવામાં પ્રતિકાર કે ઈન્કાર કરવો તે, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૬ હેઠળ ગુનો ગણાશે.

(૪) કલમ ૧૦ હેઠળનો હુકમ ઉઠાવી લેવામાં આવે ત્યારે, પેટા-કલમ (૨) હેઠળ લેવામાં આવેલ તમામ માપ અને ફોટોગ્રાફનો (નેગેટિવ સહિત) નાશ કરવો અથવા જેની વિરૂધ્ધ એવો હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિને તે આપી દેવા.

૧૩. કલમ ૧૦ હેઠળ વિશેષ ન્યાયાલયના હુકમનું ઉલ્લંઘન કરનાર કોઇ વ્યક્તિ, એક વર્ષ સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે. કલમ ૧૦ હેઠળના હુકમનાં અપાલન માટે શિક્ષા.

## પ્રકરણ ૪

## વિશેષ ન્યાયાલયો

૧૪. ઝડપી ઈન્સાફી કાર્યવાહીના હેતુ માટે, રાજ્ય સરકાર, ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી, રાજપત્રમાં જાહેરનામું બહાર પાડીને, દરેક જિલ્લા માટે સેશન ન્યાયાલયને, આ અધિનિયમ હેઠળના ગુનાની કાર્યવાહી કરવા માટેના વિશેષ ન્યાયાલય તરીકે નિર્દિષ્ટ કરશે. વિશેષ ન્યાયલય.

૧૫. દરેક વિશેષ ન્યાયાલય માટે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું બહાર પાડીને, તે ન્યાયાલયમાંના કેસો ચલાવવાના હેતુ માટે પબ્લિક પ્રોસીક્યુટર તરીકે નિર્દિષ્ટ કરશે અથવા વિશેષ પબ્લિક પ્રોસીક્યુટર તરીકે સાત વર્ષ કરતાં ઓછી ન હોય તેટલી મુદત સુધી એડવોકેટ તરીકે પ્રેકટીસ કરતા હોય તેવા એડવોકેટને નીમશે. વિશેષ પબ્લિક પ્રોસિક્યુટર.

## પ્રકરણ ૫

## પ્રકીર્ણ

સન ૧૯૫૫નો ૨૨મો. ૧૬. નાગરિક હક રક્ષણ અધિનિયમ, ૧૯૫૫ની કલમ ૧૦ક ની જોગવાઈઓ, શક્ય હોય ત્યાં સુધી, સામૂહિક દંડ નાંખવા અને વસૂલ કરવાના હેતુ માટે અને આ અધિનિયમ હેઠળ તે સાથે સંકળાયેલી અન્ય તમામ બાબતો માટે લાગુ પડશે. સામૂહિક દંડ નાખવાની રાજ્ય સરકારની સત્તા.

૧૭. (૧) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અથવા બીજા કોઇ વહીવટી મેજિસ્ટ્રેટ અથવા નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઇ પોલીસ અધિકારીને, માહિતી મળતાં અને પોતાને યોગ્ય જણાય તેવી તપાસ કર્યા પછી, એમ માનવાને કારણ હોય કે પોતાની હકુમતમાંની સ્થાનિક હદોમાંના કોઇ સ્થળમાં રહેતી અથવા અવારનવાર મુલાકાત લેતી, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની ન હોય તેવી વ્યક્તિ અથવા વ્યક્તિઓનું જૂથ આ અધિનિયમ હેઠળનો ગુનો કરે એવો સંભવ છે અથવા તેણે કોઇ ગુનો કરવાની ધમકી આપી છે અને પોતાનો એવો અભિપ્રાય હોય કે કાર્યવાહી કરવા માટે પૂરતા કારણ છે, ત્યારે એવા વિસ્તારને અત્યાચારના વલણવાળા વિસ્તાર તરીકે તે જાહેર કરી શકશે અને શાંતિ તથા સદ્‌વર્તન રાખવા અને જાહેર વ્યવસ્થા તથા પ્રશાન્ત વાતાવરણની જાળવણી માટે જરૂરી કાર્યવાહી કરી શકશે અને પ્રતિબંધક પગલાં લઈ શકશે. કાયદો અને વ્યવસ્થા તંત્રે નિવારક પગલાં લેવા બાબત.

(૨) કોડના પ્રકરણો ૮, ૧૦ અને ૧૧ની જોગવાઈઓ, શક્ય હોય તેટલે સુધી, પેટા-કલમ (૧)ના હેતુઓ માટે લાગુ પડશે.

(૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, જે રીતે અત્યાચાર અટકાવવા માટે અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સભ્યોમાં સલામતીની લાગણી પુનઃસ્થાપિત કરવા માટે, પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ અધિકારીઓએ, એવી યોજના કે યોજનાઓમાં નિર્દિષ્ટ કરેલા યોગ્ય પગલાં લેવાં જોઈશે તે રીત નિર્દિષ્ટ કરતી એક અથવા વધુ યોજનાઓ કરી શકશે.

૧૮. કોડની કલમ ૪૩૮નો કોઈ મજકૂર, આ અધિનિયમ હેઠળ ગુનો કર્યાના તહોમત ઉપરથી, કોઈ વ્યક્તિની ધરપકડ માટેની સંડોવણી થતી હોય તેવા કોઈ કેસના સંબંધમાં લાગુ પડશે નહિ. અધિનિયમ હેઠળ ગુનો કરતી વ્યક્તિઓને કોડની કલમ ૪૩૮ લાગુ પડશે નહિ.

સન ૧૯૫૮નો ૨૦મો. ૧૯. કોડની કલમ ૩૬૦ની જોગવાઈઓ અને ગુનેગાર પ્રોબેશન અધિનિયમ, ૧૯૫૮ની જોગવાઈઓ, આ અધિનિયમ હેઠળનો ગુનો કરવા બદલ દોષિત જણાયેલ, અઢાર વર્ષથી ઉપરની ઉંમરની કોઈ વ્યક્તિને લાગુ પડશે નહિ. કોડની કલમ ૩૬૦ અથવા ગુનેગાર પ્રોબેશન અધિનિયમની જોગવાઈઓ, આ અધિનિયમ હેઠળના ગુના બદલ દોષિત વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

૨૦. આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, તત્સમય પૂરતા અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં તેની સાથે અસંગત કોઈપણ મજકૂર હોય અથવા એવા કોઈ કાયદાની રૂએ અમલમાં હોય તેવા કોઈ રિવાજ, પ્રથા અથવા કોઈ લેખ હોય તે છતાં, આ અધિનિયમની જોગવાઈઓ અમલી બનશે. અધિનિયમ, અન્ય કાયદાઓની ઉપરવટ રહેશે.

૨૧. (૧) કેન્દ્ર સરકાર આ અર્થે કરે તેવા નિયમોને અધીન રહીને, રાજ્ય સરકારે, આ અધિનિયમના અસરકારક અમલ માટે જરૂરી હોય તેવા પગલાં લેવાં જોઈશે. અધિનિયમનો અસરકારક અમલ સુનિશ્ચિત કરવાની સરકારની ફરજ.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી જોગવાઈઓની વ્યાપકતાને બાધ આવ્યા વિના, આવાં પગલાંમાં નીચેનાનો સમાવેશ થશે,-

(૧) અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિઓ ન્યાય મેળવી શકે તે માટે કાનૂની સહાય સહિત પૂરતી સગવડો માટેની જોગવાઈ;

(૨) આ અધિનિયમ હેઠળ ગુનાના અન્વેષણ અને ઈન્સાફી કાર્યવાહી દરમિયાન, અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિઓ સહિત, સાક્ષીઓના મુસાફરી અને ખોરાકી ખર્ચ માટેની જોગવાઈ;

(૩) અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિઓના આર્થિક અને સામાજિક પુનરૂત્થાન માટેની જોગવાઈ;

(૪) આ અધિનિયમની જોગવાઈઓના ઉલ્લંઘન માટેની ફરિયાદી કાર્યવાહી ઉપર દેખરેખ શરૂ કરવા અને રાખવા માટે અધિકારીઓની નિમણૂંક;

(૫) એવાં પગલાં લેવાની ગોઠવણ કરવામાં અને અમલ કરવામાં રાજ્ય સરકારને સહાય કરવા માટે તે સરકારને યોગ્ય લાગે તેવી યોગ્ય કક્ષાએ સમિતિઓની રચના;

(૬) આ અધિનિયમની જોગવાઓનો વધુ સારો અમલ કરવા માટેનાં પગલાં સૂચવવા માટે, આ અધિનિયમની જોગવાઈઓની કાર્યરીતિની મુદતે-મુદતે મોજણી માટેની જોગવાઈ;

(૭) જ્યાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સભ્યો અત્યાચારનો ભોગ બનવાનો સંભવ હોય તે વિસ્તારોની ઓળખ અને એવા સભ્યોની સલામતી નિશ્ચિત કરી શકાય તેવાં પગલાં લેવા બાબત.

(૩) કેન્દ્ર સરકાર પેટા-કલમ (૧) હેઠળ રાજ્ય સરકારોએ લીધેલાં પગલાંના સંકલન માટે જરૂરી હોય તેવાં પગલાં લેશે.

(૪) કેન્દ્ર સરકારે આ કલમની જોગવાઈઓ અનુસાર, પોતે અને રાજ્ય સરકારોએ લીધેલાં પગલાં ઉપરનો રિપોર્ટ દર વર્ષે સંસદના દરેક ગૃહના મેજ ઉપર મૂકવો જોઈશે.

**શુધ્ધબુધ્ધિથી લીધેલાં પગલાં અંગે રક્ષણ.**

૨૨. આ અધિનિયમ હેઠળ શુધ્ધબુધ્ધિથી કરેલા કે કરવા ધારેલા કોઈ કાર્ય માટે, કેન્દ્ર સરકારની સામે અથવા રાજ્ય સરકારની સામે અથવા સરકારના કોઈ અધિકારી અથવા કોઈ સત્તાધિકારી અથવા કોઈપણ બીજી વ્યક્તિ સામે, કોઈ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

**નિયમો કરવાની સત્તા.**

૨૩. (૧) કેન્દ્ર સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ અધિનિયમ હેઠળ કરેલા દરેક નિયમને, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, સંસદનું સત્ર ચાલુ હોય ત્યારે સંસદના દરેક ગૃહ સમક્ષ, એક જ સત્રમાં અથવા લાગલગાટ બે અથવા વધારે સત્રોમાં મળીને, કુલ ત્રીસ દિવસની મુદત સુધીમાં મુકવો જોઈશે અને તે ઉપર્યુક્ત સત્ર અથવા લાગલગાટ સત્રોની તરત પછીનું સત્ર પૂરૂં થતાં પહેલાં, બંને ગૃહો તે નિયમમાં કોઈ ફેરફાર કરવા સંમત થાય અથવા બંને ગૃહો એમ સંમત થાય કે તે નિયમ કરવો જોઈએ નહિ તો, તે નિયમ ત્યાર પછી, યથાપ્રસંગ, એવા ફેરફાર કરેલ સ્વરૂપમાં જ અમલમાં રહેશે અથવા અમલમાં રહેશે નહિ; પણ એવો ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી, તે નિયમ હેઠળ અગાઉ કરેલા કોઈ કૃત્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.

------

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.